ગાંધીનગર સમાચાર, પાના નંબર :- ૦૩

તારીખ :- ૧૪/૦૨/૨૦૨૬

# ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) લિમીટેડ

આપણી મેટ્રો


(ભારત સરકાર અને ગુજરાત સરકારનું સંયુક્ત સાહસ)

બ્લોક નં. ૧, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર 10/B,

ગાંધીનગર : ૩૮૨૦૧૦, ગુજરાત (CIN): U60200GJ2010SGC059407


## સાર્વજનિક સૂચના

## મેટ્રો પાવર સબસ્ટેશન્સ અને લાઈન્સ નજીકમાં પતંગ ઉડાવવો ઘાતક હોઈ શકે છે

## જાગૃત રહો ! સુરક્ષિત રહો !

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલના ડેપો-એપરલ પાર્ક, ગ્યાસપુર તથા ઈન્દ્રોડા અને થલતેજ, રાણીપમાં ઇલેક્ટ્રીકલ સબસ્ટેશનની નજીક આવેલ તમામ પડોશીઓ અને પરિસરોની નજીક વસેલાઓને જાણ કરવામાં આવે છે કે આ તમામ સ્થળોના સબસ્ટેશન 132000 વોલ્ટ એસી, 50 હર્ટ્ઝ પર સક્રિય છે અને ટ્રેન અમદાવાદ મેટ્રોના નીચેના વિભાગોમાં ચાલી રહી છે :

| કોરીડોર | તરફથી | સુધી |
|---|---|---|
| પૂર્વ-પશ્ચિમ | વસ્ત્રાલ ગામ સ્ટેશન | થલતેજ સ્ટેશન |
| ઉત્તર-દક્ષિણ | એપીએમસી સ્ટેશન | મોટેરા સ્ટેડિયમ સ્ટેશન |
| ફેઝ-૨ મેઈનલાઈન | મોટેરા સ્ટેડિયમ સ્ટેશન | મહાત્મા મંદિર સ્ટેશન |
| ફેઝ-૨ સ્પર લાઈન | જીએનએલયુ | ગીફ્ટ સીટી |

ઉપરોક્ત વિભાગોને પણ 33kV એસી અને 750 વોલ્ટ ડીસી થર્ડ રેલ ટ્રેક્શન સિસ્ટમમાં ઉર્જાવાન ગણવામાં આવશે અને તેને દરેક સમયે જીવંત ગણવામાં આવશે.

ઉપરોક્ત ડેપો, સબસ્ટેશનો અને અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલના વિભાગોની નજીક રહેતા તમામ રહેવાસીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમના પરિવાર અને બાળકોને પતંગ ઉડાડવા દરમિયાન અથવા ઉપરોક્ત વિસ્તારની આસપાસ પડતા સંભવિત જીવલેણ ઈલેક્ટ્રીક શોકના જોખમ વિશે સૂચના આપે.

કોઈપણ અનધિકૃત વ્યક્તિ ઉપરોક્ત વિસ્તારોની નજીક જઈ શકશે નહીં અથવા કાર્ય કરી શકશે નહીં.

ઉપરોક્ત વિસ્તારની આજુબાજુમાં પતંગ ઉડાડવા પર સખત પ્રતિબંધ છે.

ઈલેક્ટ્રીકલ પાવર સિસ્ટમમાં અટવાયેલા પતંગ કે દોરાને અડશો નહીં. મેટાલિક માંજાનો ઉપયોગ ન કરવો.